# ડીસામાં ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેનને ૧૧ વર્ષની કેદ

## રીઢા ૩૨૦ બાકીદારો પાસે ૯ કરોડ હજુ પણ સલવાયેલા

ડીસા, તા. ૨૨

ડીસાના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ બી. ટી. દવેની કોર્ટે ઉચાપત અને અન્ય કલમો હેઠળ દાખલ થયેલી ફરિયાદની ટ્રાયલ ચલાવી અંતિમ ચુકાદો જાહેર કર્યો હતો. જેમાં ડીસાની ધી સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેનને વિવિધ કલમો હેઠળ કસુરવાર ઠેરવી કુલ ૧૧ વર્ષની શખ્ત કેદની સજા અને રૂ. ૮૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. જેનાથી આ મંડળીના અન્ય બાકીદારોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. જોકે હાલની સ્થિતિ જોતા આ ક્રેડીટ સોસાયટીના ૩૨૦ જેટલા હજુ પણ એવા રીઢા બાકીદારો વટથી ફરી રહ્યા છે. જેઓ પાસે સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટી નવ કરોડ જેટલી માતબર રકમ લેણાં પેટે માંગે છે.

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા મધ્યે આવેલી અને હાલ વેરાન ભાસતી આ ક્રેડીટ સોસાયટી વર્ષે ૨૦૦૭માં તેના ૩૨૨૨ સભાસદો સાથે પ્રમાણિક મંડળી તરીકે નામના મેળવી ધમધમી રહી હતી. શહેરભરના મજુરો, નાના વેપારીઓ, લારી ગલ્લાવાળા સહીત અનેક લોકોએ ધી સરદાર કો.ઓ. ક્રેડીટ સોસાયટી નામની આ મંડળીમાં પોતાની રોજિંદી કમાણીમાંથી પેટે પાટા બાંધી ભવિષ્યની જરૂરિયાતો માટેની મૂડી અહીના ચેરમેન અને ડીરેક્ટરો પર વિશ્વાસ મૂકી રકમ જમા કરાવી હતી. જોકે લોકોએ જમા કરાવેલી થાપણો કરોડોમાં પહોંચતા તત્કાલીન ચેરમેન વલેરા ખેમચંદભાઈ ચુવડમલ દ્વારા ખોટા લોન ધારકોના નામના ધિકારણ દસ્તાવેજ ઉભા કરાઈ અંદાજિત ૧૧ કેસોમાં કુલ ૪૨.૧૧ લાખની રકમ ચાઉ કરાઈ હતી. આ ખોટા ઉભા કરાયેલા ૧૧ લોન કેસોમાં લોન અરજી, બે જામીનદાર, ધંધાની સ્તિથિ કે મિલકતોની ચકાસણી કરાયા વિના, મિલકનું મોર્ગેજ, પ્રોમીસરી નોટ, જેવા કોઈ દસ્તાવેજો વિના લાખોની લોન અપાયાં ના ખોટા કેસો ઉભા કરાયા હતા. આમ, લોન માટેના જરૂરી દસ્તાવેજો મેળવ્યા વિના બદ્‌ઈરાદાથી, દગાપૂર્વક, ગરીબ થાપણદારોના નાણા ડૂબાડવાનું ગુનાહિત કૃત્ય ખુદ મંડળીના જ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

તત્કાલીન ચેરમેન વલેરા ખેમચંદભાઈ ચુવડમલ દ્વારા આચરાયું હતું. જે બાદ જિલ્લા રજીસ્ટારની દરમિયાનગીરીએ ધી સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટીમાં બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની કસ્ટોડીયન તરીકે નિમણૂક કરી હતી. જેઓની તપાસમાં લાખોની ગેરરીતીઓ અને ઉચાપત બહાર આવતા અને તેમાં ખુદ તત્કાલીન ચેરમેન વલેરા ખેમચંદભાઈ ચુવડમલની સંડોવણી બહાર આવતા કસ્ટોડીયન એસ. એમ. ધોરીએ તા. ૨૩-૨-૦૮ના રોજ આ મામલે ડીસા જાહેર પોલીસમાં તત્કાલીન ચેરમેન વલેરા ખેમચંદભાઈ ચુવડમલ વિરુદ્ધ ફરિયાદ દાખલ થઈ હતી અને બાદની તપાસમાં તત્કાલીન ચેરમેન વલેરા ખેમચંદભાઈની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.

સબ જેલ પાલનપુરમાં રહેલા તત્કાલીન ચેરમે નવલેરા ખેમચંદભાઈ વિરુદ્ધનો કેસ ડીસાની એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ બી. ટી. દવેની કોર્ટમાં ટ્રાયલ પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ વી. આર. પટેલ દ્વારા ધારદાર દલીલો કરી આરોપી વિરુદ્ધ પૂરતો પૂરાવો હોવાનું જાહેર કરી શખ્સ સજાની માંગ કરી હતી. જે કોર્ટે પૂરાવાને ધ્યાને લઈ ગ્રાહ્ય રાખતા આરોપી એવા ધી સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેન વલેરા ખેમચંદભાઈને વિવિધ કલમોમાં દોષિત માની કુલ ૧૧ વર્ષની શખ્ત કેદની સજા અને રૂ. ૮૦,૦૦૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જેનાથી અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો હતો.

ધી સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટીના સભાસદો ૩૨૨૨ છે. જેમના ૩૨૦ સભાસદો પાસે ક્રેડીટ સોસાયટીના અંદાજિત નવ કરોડ સલવાયેલા છે. આ રીઢા બાકીદારોમાંના ૧૪૫ સામે ચેક રીટર્ન કેસો જે તે અદાલતોમાં ચાલે છે. જ્યારે ૪૫ કેસો અન્ય અદાલતોમાં સિવિલ રાહે ચાલે છે. વળી બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ મહેસાણામાં પણ કેટલાક કેસો પેન્ડીંગ છે. ત્યારે ડીસાની એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ બી. ટી. દવેની કોર્ટ દ્વારા આરોપી એવા ધી સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેન વલેરા ખેમચંદભાઈ ચુવડમલને વિવિધ કલમોમાં દોષિત માની કુલ ૧૧ વર્ષની શખ્ત કેદની સજા ફટકારતા અન્ય બાકીદારોમાં સંભવિત સજાનો ભય ફેલાયો છે. જ્યારે વર્ષોથી પોતાની પરસેવાની કમાણી પરત આવશે અને ન્યાય મળશે તેવી આશા સેવતા અન્ય સભાસદો ન્યાય પાલિકાના હાલના ચુકાદાથી નવી આશાઓ જન્મેલ છે. જોકે રીકવરી લેણદારો પ્રમાણિક્તાથી ના કરતા અને આ મામલે અનેકો કેસો કોર્ટ ટ્રાયલમાં હોઈ થાપણદારોને હજુ ઘણા આમજ રાહ જોવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

## પ્રાંતિજમાંથી પસાર થતી કેનાલ ભર ઉનાળે સૂકી ભઠ

### સૂકી કેનાલ અને ડેમોમાં પાણી ભરવા ખેડૂતોની ઉગ્ર માંગ

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સુઝલામ સુફલામ કેનાલ ઉનાળાના પ્રારંભે જ કોરીધાકોર બનતા આ પંથકના કિસાનો ભારે મુંઝવણમાં મુકાયા છે. તો બીજી તરફ કરોલ અને લીમબાડેમના પણ તળીયા દેખાતા કિસાનોના માથે સંકટના વાદળો ઘેરાવા માંડ્યા છે. પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સુધલામ સુફલામ કેનાલ મારફતે પ્રાંતિજના ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાના સ્વપ્નો કિસાનો માટે દિવાસ્વપ્ન બન્યા છે. ત્યારે હાલ આ કેનાલ સુકી ભઠ બનતા કિસાનો ઉનાળાના ધોમધગતા તાપમાં સિંચાઈ માટે વલખા મારે છે અને ઉનાળુ પાકને મુરઝાતો જોઈ હૈયા રૂદન કરી રહ્યા છે. આજ પ્રમાણે કરોલ-લીમલા ડેમના પાણીની આશા રાખનાર કિસાનો પણ પાણીના અભાવે સલવાઈ પડ્યા છે. આ મામલે સ્થાનિક કિસાનોએ અનેક રજૂઆતો કરવા છતાં હાલ કોઈપણ કાર્યવાહી ન થતા પાણી વગર ખેડૂતો ભીડમાં મુકાઈ ગયા છે. તાત્કાલિક ડેમોમાં પાણી ભરવા માંગણી કરી રહ્યા છે.

## ઉનાવા ઐઠોર નજીક બે કાર વચ્ચે અકસ્માત ચાર વ્યક્તિઓને ઈજાઓ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા નજીકના ઉનાવા-ઐઠોર રોડ પર રેલવેફાટક પાસે રાત્રીના સમયે બે મોટરકારો અથડાતાં સર્જાયેલ અકસ્માતમાં ચાર વ્યક્તિઓને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે સૌપ્રથમ ઊંઝા અને ત્યારબાદ મહેસાણા ખસેડવામાં આવ્યા હતા. ઊંઝા તાલુકાના સુરપુરોગામના ઠાકોર વિષ્ણુજી ખુમાજી મારૂતિવાન લઈને વિસનગર દવાખાને ગયા હતા. જ્યાંથી પરત ફરતા માર્ગમાં ઐઠોર રેલવે ફાટક પાસે સામેથી આવતી ઝેન કાર અથડાતા અકસ્માત થયો હતો જેમાં મારૂતિવાનમાં બેઠેલા ચાર વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી.

## ઉનાવા ગામે યુવકને ફટકારી સોનાના દોરાની લૂંટ

### ત્રણ શખ્સોએ ધોળા દિવસે યુવકને ઢોર માર માર્યો

ઊંઝા, તા. ૨૨

ઊંઝા નજીકના ઉનાવા ગામના પેટાપરા પ્રતાપગઢમાં લગ્ન પ્રસંગે આવેલ બોરીયાવી ગામના એક યુવાનને પ્રતાપગઢના જ કેટલાક શખ્સોએ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી યુવાનના ગળામાં પહેરેલ સોનાના દોરાની લૂંટ કરી હોવા અંગે સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પોલીસના જણાવ્યા અનુસાર મહેસાણા તાલુકાના બોરીયાવી ગામના રવિકુમાર નાનજીભાઈ ચૌધરી ઉનાવા ગામના પેટાપરા પ્રતાપગઢ ખાતે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. દરમિયાન બપોરના સમયે આ યુવાન સગા સંબંધીઓ સાથે વડલાના ઝાડ નીચે ઉભા હતા ત્યારે અચાનક ચાર શખ્સો આવ્યા હતા અને તેઓએ રવિકુમાર ચૌધરીને ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ફરિયાદીના ગળામાં પહેરેલ દોઢ તોલા વજનના સોનાના દોરાની લૂંટ ચલાવી હતી. આ બનાવ અંગે ફરિયાદી રવિકુમાર ચૌધરીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે વિપુલ માવજીભાઈ ચૌધરી, અશ્વિન જોઈતાભાઈ ચૌધરી, શૈલેષ માવજીભાઈ ચૌધરી ત્રણેય રહે. પ્રતાપગઢ તા. ઊંઝા, સુહાગ શંકરભાઈ ચૌધરી રહે. ચિતોડીપુર તા. વિસનગર વિરૂદ્ધ લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## ભિલોડા તાલુકાના બામણા-પુનાસણ ગામમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો શુભારંભ યોજાશે

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના બામણા-પુનાસણ ગામમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો શુભારંભ તાજેતરમાં યોજાશે.કવીવર જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સ્વ.શ્રી ઉમાશંકર જોષીની જન્મભુમી બામણા-પુનાસણ ગામમાં જુન-૨૦૧૩થી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ શરૂ કરવાનો નિર્ણય લેવાતા યુવાન યુવક યુવતીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. યુવા પેઢી ઉચ્ચ શિક્ષણનો ઘર આંગણે લાભ મેળવી શકશે.બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, પ્રમુખ અને મંત્રી જગદીશભાઈ જોષીના જણાવ્યા મુજબ સ્વ.કવીવર ઉમાશંકર જોષીની જન્મ શતાબ્દી નિમીત્તે બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળના અથાગ સહયોગથી ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ધ્વારા બામણા-પુનાસણમાં આર્ટસ એન્ડ કોર્મસ કોલેજનો શુભારંભ કરવાનો નિર્ણય લેવતા પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

## ડીસાની શ્રીનગર સોસાયટી રહીશોની ગાંધીગીરી

ડીસા, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લામાં બીજી જુન-૨૦૧૩ના રોજ લોકસભાની પેટા ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ડીસા હાઈવે વિસ્તારની એક સોસાયટીના રહીશોએ તેમના વિસ્તારમાં ગંદા પાણીના નિકાલ માટે પાલિકાએ કોઈ વ્યવસ્થા ન કરેલ હોઈ તાત્કાલિક વ્યવસ્થા કરવાની માંગ કરી હતી. અન્યથા તમામ રહીશો ચૂંટણીનો સામુહિક બહિષ્કાર કરશે તેવું જાહેરાત કરતાં ચકચાર મચી હતી.

બનાસકાંઠાના ડિસામાં આવેલ હાઈવે વિસ્તારની શ્રીનગર સોસાયટીમાં ઘણા સમયથી ગટરના પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા પાલિકા દ્વારા કરાઈ નથી. બનાસકાંઠા જિલ્લામાં બીજી જૂન-૨૦૧૩ના રોજ લોકસભાની પેટા ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે ડીસા હાઈવે વિસ્તારની આ સોસાયટીના રહીશોએ વિવિધ પાર્ટીના નીવેદનીયા નેતાગણ અને પાલિકા તેમજ વહીવટીતંત્ર પર ભીંસ વધારવા આજે ડીસાના મદદનીશ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બી.કે. પટેલને રૂબરૂ લેખિત રજૂઆત કરી ગંદા-પાણીના નિકાલની તેમજ રસ્તાની તાત્કાલિક વ્યવસ્થા કરવા અરજ કરી હતી. આ રજૂઆત કર્તાઓએ એવી ચીમકી પણ ઉચ્ચારી હતી કે મતદાન મથક જવાના રસ્તા પર ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું છે. જેથી નવીન રસ્તાનો અને ગંદા-પાણીના નિકાલની વ્યવસ્થા નહિ કરાય તો આગામી તાજેતરની ચૂંટણીનો તમામ રહીશો સામુહિક બહિષ્કાર કરશે.

જ્યારે આ મામલે પ્રભાતભાઈ દેસાઈ સ્થાનિક રહીશ, શ્રીનગર સોસાયટીવાળાઓએ ગાંધીગીરીએ રજુઆત કરતા જણાવ્યુ હિતું કે પાલિકા સમક્ષ છેલ્લા દસ વરસથી આ સુખાકારી સુવિધાઓ પુરી પાડવા રજૂઆત કરાઈ રહી છે. આ વિસ્તારમાં રોડ-રસ્તા નથી. પાલિકા નિયમિત પાણી વેરો, ઘરવેરો અને શિક્ષણ વેરો વસુલે છે. છતાં અમારી સમસ્યા વરસોથી દૂર થતી નથી જેથી આ ચૂંટણીનો અમો બહિષ્કાર કરીશું તેવું જણાવતા ચૂંટણી સમયે જ બહાર આવેલો આ મામલો વહીવટી તંત્ર માટે આગામી સમયમાં દોડધામ રૂપ બની શકે છે. તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે.

## નવી કારમાં આજથી હાઈ સિક્યોરિટી નં. પ્લેટ ફરજિયાત

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ આરટીઓ દ્વારા આજથી નવી ફોર વ્હિલર કારોમાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ ફરજીયાત બનાવાઈ છે. આ નંબરપ્લેટ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લઈ અને લગાવવામાં આવશે જેથી લોકોને તેમનો સમય મુજબ આવી શકે અને નંબર પ્લેટ લગાવી શકાશે. જે.એમ. ભટ્ટે આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે, આજથી નવા નોંધાતા ફોર વ્હિલર કારોમાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ ફરજીયાત બનાવવામાં આવી છે. નવી નોંધાતી તમામ કારોમાં આ હાઈસિક્યોરીટી નંબર પ્લેટ લગાવવા માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ આપવામાં આવશે. આ એપોઈન્ટમેન્ટ મુજબ કારમાલિક આરટીઓ ખાતે આવી અને નંબર પ્લેટ લગાડાવી શકશે. આ નંબર પ્લેટ માટે ફોરવ્હિલર દીઠ રૂા. ૩૫૦ ચૂકવવાના રહેશે. આ હાઈ સિક્યોરીટી નંબર પ્લેટને રીવેટથી ફીટ કરવામાં આવશે. જેતી જો કાર ચોરાઈ જાય તો તેની નંબર પ્લેટ બદલી શકાશે નહીં અને બદલવાનો પ્રયાસ કરાશે તો નંબર પ્લેટ તુટી જશે. નંબર પ્લેટ તૂટ્યા બાદ ત્યાં કોઈ નંબર પ્લેટ લાગી શકશે નહીં. કારની આગળ અને પાછળ બંને નંબર પ્લેટ પર યુનિક કોડ હશે. જેથી પોલીસને આમા તપાસ કરવી હશે તોપણ આસાની થશે.

ભારત દુર સંચાર નિગમ લિમિટેડના કર્મચારીઓ દ્વારા આજરોજ બી.એસ.એન.એલ. મેનેજમેન્ટ સામે વિરોધ પ્રદર્શીત કરવામાં આવ્યો હતો અને જો તેમની માંગણી નહિ સંતોષાય તો અચોક્કસ મુદતની હડતાળની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ભારત દુર સંચાર નિગમ લિમિટેડના કર્મચારીઓને તા. ૧૨-૦૬-૨૦૧૨ના રોજ ૭૮.૦૨ ટકા ડી.એ. આપવાની જાહેરાત કરી હતી. પરંતુ ૧૦ ટકા ડીએ ઓછુ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આપતા અગાઉ બીએસએનએલના કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરવાના હતા. પરંતુ તેઓને ૧૦ ટકા ડીએ આપવા મેનેજમેન્ટ દ્વારા કબુલાત કરી હતી. પરંતુ આજ દિન સુધી ૧૦ ટકા ડીએ પણ ન મળતાં આજરોજ પાલનપુર ખાતે બી.એસ.એન.એલ.ના કર્મચારીઓએ પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો. અને ત્યારબાદ ૫ જુનના રોજ ધરણા યોજવામાં આવશે અને ત્યારબાદ પણ માંગણી નહિ સંતોષાય તો આગામી તા. ૧૨ જુનના રોજ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવાની કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે. આ અંગેની વધુ વિગતો યુનિયન લીડર જી.એચ. વાગડોદાએ આપી હતી.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરુ | ૨૨૮૦ | ૨૪૨૨ |
| વરીયાળી | ૭૮૦ | ૧૪૦૫ |
| રાયડો | ૫૫૦ | ૬૮૬ |
| ઘઉ | ૨૯૨ | ૪૯૫ |
| બાજરી | ૨૯૯ | ૩૨૨ |
| કપાસ | ૬૮૦ | ૯૧૬ |
| મેથી | ૫૨૦ | ૫૫૨ |
| એરંડા | ૬૩૦ | ૬૭૦ |
| ગવાર | ૧૭૪૮ | ૧૮૧૯ |

**વિજાપુર**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૫ | - |
| એરંડા | ૬૫૫ | ૬૮૪ |
| કપાસ | ૯૦૦ | ૯૭૩ |
| બાજરી | ૨૫૩ | ૨૭૫ |
| ઘઉ | ૩૦૦ | ૩૮૧ |
| ગવાર | ૧૭૭૧ | ૧૭૯૭ |
| જુવાર | ૩૧૦ | ૩૭૯ |
| વરીયાળી | ૧૦૭૨ | ૧૨૨૦ |

**કૂકરવાડા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૦૦ | ૬૧૮ |
| ગવાર | ૧૭૬૫ | ૧૭૬૭ |
| ઘઉં | ૨૯૫ | ૪૦૦ |
| રાયડો | ૬૦૦ | ૬૧૮ |
| બાજરી | ૨૫૫ | ૩૦૦ |
| જુવાર | ૩૪૫ | ૩૭૦ |

**ગોઝારીયા**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૯૫ | ૬૩૫ |
| એરંડા | ૬૭૨ | ૬૮૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૩ |
| જુવાર | ૩૪૦ | ૩૬૦ |
| ગવાર | ૧૭૫૦ | ૧૭૭૬ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૫ | ૬૭૫ |
| ઘઉં | ૨૯૯ | ૩૯૨ |
| ગવાર | ૧૬૭૦ | ૧૮૩૧ |
| વરિયાળી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| બાજરી | ૨૫૦ | ૩૦૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| ઘઉં | ૩૦૮ | ૩૮૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| વરિયાળી | ૧૧૦૦ | ૧૫૭૨ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૮ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉંલોકવન | ૩૦૦ | ૩૧૫ |
| ઘઉં૪૯૬ | ૩૧૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૩૫ | ૨૪૦ |
| એરંડા | ૬૪૫ | ૬૫૫ |
| મગ | ૧૦૫૦ | ૧૦૮૯ |
| અડદ | ૬૦૦ | ૬૫૦ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૯૦ | ૨૯૬ |
| ઘઉં | ૩૧૧ | ૩૩૭ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૫૩ | ૬૬૪ |
| ગવાર | ૧૭૪૧ | ૧૭૪૯ |
| મકાઈ | ૨૫૦ | ૨૬૪ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૨૫૦ | ૩૦૦ |
| રાયડો | ૫૩૦ | ૫૬૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૮૮ | ૨૯૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| ગવાર | ૧૭૩૦ | ૧૭૭૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૬૦ |
| તુવેર | ૫૨૦ | ૬૫૦ |
| જુવાર | ૨૬૦ | ૨૮૦ |
| રાયડો | ૫૨૦ | ૫૪૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૪ | ૬૮૦ |
| ઘઉ | ૩૫૫ | ૪૨૭ |
| બાજરી | ૨૮૦ | ૨૯૩ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| તુવેર | ૭૦૦ | ૭૮૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૮૭ |
| ચણા | ૬૧૦ | ૬૫૦ |
| મગ | ૯૦૦ | ૯૭૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૭૦ | - |
| રાયડો | ૫૬૧ | ૬૮૮ |
| વરિયાળી | ૮૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૬૪૪ | ૬૭૯ |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૨૦ |
| ઘઉં | ૨૯૯ | ૪૩૩ |
| બાજરી | ૨૫૮ | ૩૧૧ |
| રાજગરો | ૪૦૦ | ૪૮૮ |
| મેથી | ૪૭૧ | ૫૦૦ |
| ઈ.ગુલ | ૧૧૨૫ | - |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૨૦ | ૨૭૭૫ |
| વરીયાળી | ૮૦૧ | ૧૩૮૦ |
| ઈ.ગુલ | ૧૧૯૦ | ૧૩૦૦ |
| સરસવ | ૬૧૨ | ૬૭૦ |
| રાયડો | ૫૫૫ | ૭૨૨ |
| તલ | ૨૦૦૦ | ૨૨૩૧ |

| | | |
|---|---|---|
| મેથી | ૬૦૧ | ૬૧૫ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉ | ૨૯૦ | ૫૦૦ |
| બાજરી | ૨૦૦ | ૩૦૯ |
| રાયડો | ૫૯૦ | ૭૦૧ |
| એરંડા | ૬૫૦ | ૬૭૭ |
| કપાસ | ૫૪૧ | ૯૩૨ |
| મેથી | ૫૧૧ | ૫૫૧ |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૭૨ |
| જવ | ૨૫૨ | ૨૬૫ |
| જુવાર | ૩૦૦ | ૪૪૦ |

**સાણંદ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૪૦ | - |
| ઘઉં | ૩૨૫ | - |
| ઘઉં | ૩૦૩ | ૪૫૦ |
| ડાંગર | ૩૬૫ | ૩૬૯ |
| ડાંગર | ૨૯૪ | ૩૩૫ |
| તુવેર | ૮૧૯ | ૮૮૮ |
| એરંડા | ૬૪૯ | ૬૫૦ |
| જીરૂ | ૧૭૫૦ | ૨૪૩૧ |
| મગ | ૧૦૭૧ | - |
| અડદ | ૩૨૮ | - |
| જુવાર | ૨૮૫ | ૩૨૬ |
| બાજરી | ૨૯૦ | - |
| જવ | ૨૪૨ | ૨૪૮ |

**બાવળા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૪ | ૫૪૧ |
| ઘઉં | ૩૪૦ | ૩૪૫ |
| ઘઉં | ૩૫૬ | ૪૩૦ |
| જવ | ૨૫૭ | - |
| એરંડા | ૬૪૯ | ૬૬૧ |
| મેથી | ૫૪૭ | - |
| રાઈ | ૫૬૬ | - |
| ડાંગર | ૩૬૧ | - |
| અડદ | ૬૮૬ | - |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૯૮ |
| ગવાર | ૧૭૫૯ | ૧૮૨૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૪ |
| રાયડો | ૫૩૨ | ૬૦૯ |
| જીરૂ | ૨૦૨૫ | ૨૪૮૦ |
| ડાંગર | ૬૪૦ | ૬૯૭ |
| વરિયાળી | ૭૦૦ | ૧૦૬૪ |
| સવા | ૬૦૦ | ૬૧૮ |
| તુવેર | ૭૭૧ | ૭૯૧ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૮ | ૪૩૨ |
| બાજરી | ૨૭૦ | ૩૧૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| રાયડો | ૫૨૭ | ૬૫૬ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૯૧ |
| મેથી | ૫૨૦ | ૫૩૯ |
| જીરુ | ૧૪૫૧ | ૨૩૫૧ |
| બંટી | ૩૭૦ | - |
| અજમો | ૫૦૦ | ૧૩૦૭ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૯ | ૪૧૦ |
| એરંડા | ૬૬૦ | ૬૬૪ |
| રાયડો | ૬૧૪ | ૬૭૭ |
| ગવાર | ૧૭૫૯ | ૧૭૮૫ |
| જવ | ૨૫૧ | - |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૪૦૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |
| રાયડો | ૬૧૨ | ૬૨૩ |
| જવ | ૨૬૫ | - |

**માણસા**

| | | |
|---|---|---|
| રાયડો | ૬૧૫ | ૬૩૧ |
| એરંડા | ૬૪૬ | ૬૭૮ |
| કપાસ | ૮૦૦ | ૯૫૦ |
| ગવાર | ૧૭૫૦ | ૧૭૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૦૬ |
| બાજરી | ૨૮૫ | ૨૯૭ |

**ઇડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૫૫ | ૪૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૨ |
| એરંડા | ૬૬૦ | ૬૭૨ |
| રાયડો | ૫૫૦ | ૫૭૧ |
| તુવેર | ૬૫૦ | ૬૬૧ |
| મગફળી | ૮૦૦ | ૮૪૫ |
| તલ | ૧૮૭૦ | ૧૯૫૦ |
| બાજરી | ૨૫૦ | ૨૯૫ |
| જુવાર | ૩૫૦ | ૩૬૧ |
| કપાસ | ૭૬૫ | ૭૭૫ |
| ગવાર | ૧૬૮૦ | ૧૭૧૦ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૬૬૫ | ૩૭૯ |
| બાજરી | ૨૭૪ | ૨૯૨ |
| એરંડા | ૬૫૪ | ૬૭૫ |
| રાયડો | ૬૧૮ | ૬૫૩ |
| રાજગરો | ૮૦૦ | ૯૧૯ |
| વરિયાળી | ૮૫૫ | ૧૯૨૧ |
| જુવાર | ૫૨૫ | ૫૫૦ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૧ | ૩૭૭ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ગવાર | ૧૮૦૦ | ૧૮૦૯ |
| ડાંગર | ૩૧૫ | ૩૮૫ |
| બાજરી | ૨૭૦ | ૨૯૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601